# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-01-2025 Day : Wednesday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## આરોગ્ય વિભાગ –હ્યુમન મેટાન્યુમો વાયરસ

રાજ્યમાં કોઈ પણ વ્યક્તિએ HMP એટલે કે, હ્યુમન મેટાન્યૂમો વાઈરસથી ગભરાવવાની જરૂર નથી તેવું આરોગ્ય વિભાગે જણાવ્યું છે. કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર અગમચેતીના પગલાં લઈ રહી છે. અમદાવાદમાં જે હોસ્પીટલમાં HMP વાઈરસનો પ્રથમ કેસ નોંધાયો તેની આરોગ્ય વિભાગને જાણ ન કરવા બદલ તેને નોટીસ આપી હતી.

આ અંગે આરોગ્ય વિભાગના અધિક નિયામક ડૉ. નિલમ પટેલે જણાવ્યું કે , ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં પણ નવો આઈસોલેશન વૉર્ડ તૈયાર કરાયો છે. હૉસ્પિટલનાં અધિક્ષક મિતા પરીખે જણાવ્યું કે, આ વૉર્ડમાં 25 વૅન્ટિલેશન યંત્ર, PPE કિટ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.

--------------------------------------------------------------------------------

## વર્ષના કેલેન્ડરનું અનાવરણ

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે નવી દિલ્હીમાં 2025 માટે ભારત સરકારના કેલેન્ડરનું અનાવરણ કર્યું હતું. સરકારે તેના 2025 કેલેન્ડર માટે "જનભાગીદારી સે જનકલ્યાણ" ને કેન્દ્રીય થીમ તરીકે પસંદ કરી છે , રેલ ભવન ખાતે કેલેન્ડરનું અનાવરણ કરતાં , શ્રી વૈષ્ણવે ગરીબોના કલ્યાણમાં સુધારો કરવા, મહિલાઓને સશક્તિકરણ કરવા અને સમગ્ર દેશમાં માળખાગત વિકાસને આગળ વધારવામાંની થયેલી કામગીરીને વર્ણવી હતી.

--------------------------------------------------------------------------------

## જીડીપીમાં વૃધ્ધિ

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસે નાણાકીય વર્ષ 2024-25માં ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ GDP 6.4 ટકાના દરે વૃદ્ધિ પામવાનો અંદાજ જાહેર કર્યો છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે ગઈકાલે નોમિનલ જીડીપીમાં વૃદ્ધિ દર 9.7 ટકાનો અંદાજ મૂક્યો છે.

આ અંદાજ દર્શાવે છે કે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રના વાસ્તવિક જીવીએમાં 3.8 ટકા વૃદ્ધિનો અંદાજ છે , જે અગાઉના વર્ષના 1.4 ટકાથી નોંધપાત્ર વધારો છે. બાંધકામ ક્ષેત્ર અને ફાઇનાન્શિયલ , રિયલ એસ્ટેટ અને પ્રોફેશનલ સર્વિસ સેક્ટરમાં પણ મજબૂત વૃદ્ધિની અપેક્ષા છે.

---------------------------------------------------------------------------------------------

## હર ઘર કનેકટીવીટી

રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં બજાર કરતા ઓછા દરે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઇન્ટરનેટ કનેક્શન અને અન્ય વેલ્યુ એડેડ સર્વિસીઝ પૂરી પાડવામાં આવશે. સત્તાવાર યાદી મુજબ , રાજ્યના વિજ્ઞાન અને ટૅક્નોલોજી વિભાગ હેઠળ ગુજરાત ફાઈબર ગ્રીડ નૅટવર્ક લિમિટેડ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં અંદાજે 25 હજાર હર ઘર કનેક્ટિવિટી એટલે કે , ફાયબર ટુ હૉમ પહેલ અંતર્ગત આ જોડાણ અપાશે. વિવિધ સંસ્થાઓ સાથે ભાગીદારીને આ પાયલટ પ્રૉજેક્ટ તરીકે આ જોડાણ આપવાનું આયોજન કરાયું છે.

હર ઘર કનેક્ટિવિટી પહેલ અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં ટેલિવિઝન મનોરંજન , યુટિલિટી બિલની ચૂકવણી, ડિજિટલ સર્વિસ સ્ટેક , ગવર્મેન્ટ ટૂ સિટિઝન્સ- G2C જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવાશે. ઉપરાંત ઑનલાઈન એજ્યુકેશન ઈ-એજ્યુકેશન, કૃષિ કે ખેતીવાડી, પશુપાલન સંલગ્ન માહિતી પ્રસારણ, આરોગ્ય માટે ઇ-હેલ્થ અને ટેલિ-મેડિસિન્સ જેવી સેવાઓ પણ ઘર બેઠા જ ઉપલબ્ધ થઈ શકશે. આ પહેલ દ્વારા ગ્રામીણ ઘરોને ડિજિટલી સશક્ત બનાવીને સ્માર્ટ હૉમ્સમાં રૂપાંતરિત કરાશે.

---------------------------------------------------------------------------------------------

## બિન હથિયારી પીએસઆઈ

ગુજરાત પોલીસ ભરતી બૉર્ડ દ્વારા બિન-હથિયારી PSIની ભરતી પ્રક્રિયા હાથ ધરાશે. પોલીસ વિભાગમાં 12 હજાર 472 જગ્યાઓ માટે હથિયારી PSI, લોકરક્ષક કેડરના પુરુષ અને મહિલાઓની આજથી 31 જાન્યુઆરી સુધી શારીરિક કસોટી શરૂ થશે. પરીક્ષા દરમિયાન જિલ્લા પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીઓ ગ્રાઉન્ડ પર ઉપસ્થિત રહેશે. તમામ ગ્રાઉન્ડના મોનીટરીંગ માટે ગાંધીનગરમાં સેન્ટ્રલ કન્ટ્રોલ રૂમ બનાવાયો છે.

-----------------------------------------------------------------------------------

## રાપર- રવિપાકનું વાવેતર

રાપર તાલુકામાં ચાલુ વર્ષે જીરૂ , રાયડો, ઘઉં સહિત રવિ પાકોનું વિક્રમ જનક વાવેતર થયું છે. નર્મદા કેનાલના લીધે રાપર તાલુકામાં સૌથી વધુ જીરૂ 40610 હેકટરમાં, ઘઉં 7715 હેકટરમાં , ચણા 580 હેકટરમાં , રાયડો 8969 હેકટરમાં , ધાણા 10 હેકટરમાં , ઈસબગુલ અને વરિયાળી 2675 હેકટરમાં , અજમો 695 હેકટરમાં , શાકભાજી 630 હેકટરમાં અને ઘાસચારો 7005 હકેટરમાં વાવેતર કરાયું છે.

-----------------------------------------------------------------------------------

## ઠંડી

હવામાન વિભાગની આગાહી પ્રમાણે કચ્છમાં ફરી ઠંડીનું જોર વધ્યું છે. રાજ્યના શીતમથક નલિયામાં ગઇકાલે 6.2 ડિગ્રી લઘુત્તમ ઉષ્ણાતામાન નોંધાયું હતું. તો કંડલા હવાઇ મથક 8.8 ડિગ્રી અને ભુજમાં 11 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યુ મુજબ બે દિવસ બાદ ઠંડીમાં આંશિક રાહત રહેશે.

-----------------------------------------------------------------------------------